## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... એક મહિલા મળી છે જેના મોંમાંથી પાણીપુરીની વાસ આવે છે... તેનું આપણી સીસ્ટમ મુજબ કંઈ થાય..!!? તો લાવું...!!

# વિશ્વમાં સંઘર્ષ અને સમસ્યાઓના મૂળમાં હિંસા : ઓપી. કોહલી

## ચાર્તુમાસના પ્રારંભે મંગળકળશ સ્થાપનામાં ઉપસ્થિત રાજ્યપાલે જૈન સમાજે ચીંધેલ અહિંસાના માર્ગને અપનાવવા હાકલ કરી

ગાંધીનગર, તા. ૩૦

''ભગવાન મહાવીર સ્વામીના અહિંસાના ઉપદેશને અનુસરીને જૈન સમાજ વિશ્વને શાંતિ અને સદ્‌ભાવનાનો સંદેશ પાઠવે છે. કઠોર તપ સાધનાનો માર્ગ ધરાવતો જૈન સમાજ વિશ્વને અહિંસાનો માર્ગ ચીંધે છે.'' આ શબ્દો ગઈકાલે ગાંધીનગરના સે. ૨૧ ખાતે આયોજિત ૨૨મા ચાતુર્માસ મહોત્સવના કળશ સ્થાપના પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલીએ કહ્યાં હતા.

સેક્ટર-૨૧માં દિગંબર જૈન દેરાસર ખાતે મંગળકલશ સ્થાપના સાથે ચાતુર્માસનો પ્રારંભ થયો છે. જેમાં આચાર્ય પૂ. સુનીલસાગરજી મહારાજ સહિત ૪૩ જેટલા મુનિઓ-સાધ્વીજીઓનો સંઘ ચાતુર્માસ કરવા પધાર્યો છે. આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યપાલ ઓ.પી. કોહલીએ ભગવાન મહાવીર સ્વામી અને ગૌતમ બુદ્ધને યાદ કરતા તેમણે જીવ પ્રત્યે દયા-અનુકંપા દાખવવાના દર્શાવેલા સિદ્ધાંતો અપનાવવા હાંકલ કરી હતી. આ સાથે તેમણે જણાવ્યુ હતુ કે 'સમગ્ર વિશ્વમાં તમામ સંઘર્ષ અને સમસ્યાઓના મૂળમાં હિંસા રહેલી છે. જેથી અહિંસાના ઉપદેશને જીવનમાં ઉતારવો જોઈએ જે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ પણ અપનાવ્યો હતો.' રાજ્યપાલ કોહલીએ ચાતુર્માસ તપને કઠોર તપસ્યા ગણાવતા જણાવ્યુ હતુ કે 'સતત ચારમાસ સુધી એક જ સ્થળે રહેવુ અને એક જ વાર જમવુ તે કઠિન માર્ગ છે જે માટે આચાર્ય પૂ. સુનીલ સાગરજી મહારાજની ઉપસ્થિતિ પ્રેરણાબળ પુરૂ પાડે છે.

આ પ્રસંગે પૂ. સનિલ સાગરજી મહારાજે પણ ચાતુર્માસની પવિત્રતાનું મત્વ સમજાવતા કહ્યુ હતુ કે માનવી ધનથી નહી પરંતુ મનથી મહાન બને છે. માનવીને સાચુ સુખુ શરીર નહી પરંતુ સદ્‌ભાવ, અહિંસા, પ્રેમ અને મિત્રતા આપે છે જે આત્મા સાથે સંકળાયેલુ હોય છે. પૂ. સુનીલસાગરજી મહારાજે જીવનને જીવદયા, કરૂણા અને અનુકંપા સાથે સાંકળવાનું લક્ષ્ય રાખવા શ્રોતાઓને અનુરોધ કર્યો હતો.



# મનપાની સામાન્ય સભા ૩જી ઓગષ્ટે મળશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્યસભા આગામી ૩જી ઓગષ્ટના રોજ મનપાના સભાખંડમાં મળશે.

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળનારી બેઠકમાં જળસંચય અભિયાન દરમિયાન મનપા વિસ્તારની બહાર સાત તળાવોના નિર્માણમાં મનપાએ કરેલ કામગીરીને બહાલી આપવા માટેનો મુદ્દો એજન્ડામાં છે.

મનપાની બે મહિના પછી મળી રહેલી સામાન્ય સભાને લઈ પાટનગરમાં પણ રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી રહી છે. શહેરમાં હાલ ચાલી રહેલ દબાણ હટાવ ઝુંબેશ સહિતના મુદ્દાઓ આ સભામાં ચમકશે.

કોંગ્રેસ પક્ષે આ સામાન્ય સભા માટે આક્રમક વ્યુહરચના તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે. કોંગ્રેસ પક્ષ દ્વારા સામાન્ય સભામાં આ વખતે રંગમંચના ભાડા વધારાને રદ કરવાની દરખાસ્ત પણ કરી છે.

સામે પક્ષે ભાજપે પણ એટલો જ આક્રમક પ્રત્યુત્તર આપવા માટે મન બનાવી લીધું હોવાનું જાણવા મળેલ છે. આમ બંને પક્ષો દ્વારા સામાન્ય સભા અંગે કરાયેલી તૈયારીઓ જોતા આ સભા તોફાની બની રહેશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવું છે.

# પેથાપુરમાં ખુલ્લા ખેતરમાં જુગાર રમતા ૬ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૩૦

પેથાપુર ગામની સીમમાં મહાકાળી મંદિર પાસે આવેલી ખુલ્લી જમીનમાં પાના-પત્તાનો હારજીતનો જુગાર રમતા ૬ શકુનીઓને રૂ.૧૩,૧૬૦ રોકડા તેમજ ૬ મોબાઈલ કુલ રૂ.૨૮,૫૦૦ મળી કુલ. રૂ. ૪૧,૬૬૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એલ.એસ.ચૌધરીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર ગામની સીમમાં મહાકાળી માતાના મંદિર પાસે આવેલી ખુલ્લી જમીનમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે.જેની બાતમી મળતા પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એલ.એસ.ચૌધરી તેમજ તેમની ટીમના જવાનોએ બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડી હતી. જયા સ્થળ પરથી પ્રવિણસિંહ અર્જુનસિંહ વાઘેલા, રહે. સુરેલા મહાકાળી વડ પાસે પેથાપુર તા.જી.ગાંધીનગર, રાજેન્દ્રસિંહ ભીખુસિંહ વાઘેલા રહે.બળીયાદેવ મંદિર પાસે,પેથાપુર, આકાશ દિલિપકુમાર સોની રહે.મહાકાળી મંદિર પાસે કંસારા ફળી પેથાપુર, અનિરુદ્ધસિંહ લાલસિંહ વાઘેલા રહે. બળીયાદેવ મંદિર પાસે પેથાપુર, સુરેન્દ્રસિંહ રણવિરસિંહ વાઘેલા, રહે.બળીયાદેવ મંદિર પાસે પેથાપુર, રાજવિરસિંહ અજીતસિંહ બિહોલા રહે. બળીયાદેવ મંદિર પાસે પેથાપુર,ને જુગાર રમવાના સાહિત્ય સાથે અને ૬ મોબાઈલ કિ. ૨૮,૫૦૦ તેમજ રોકડ ૧૩,૧૬૦ સહિત કુલ રૂ.૪૧,૬૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ફરિયાદ નોંધીને વધુ તપાસ પીએસઆઈ એલ.એસ.ચૌધરી ચલાવી રહ્યા છે.



# ઝુંડાલ સર્કલે દારૂ પીને છાકટા બનેલા યુવાનની ધરપકડ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં કડક દારૂબંધી હોવા છતા દારૂડીયાઓને દારુ મળી જાય છે. પરંતુ પીધા ભાન ન રહેતા જાહેરમાં ધમાલના કરતા પોલીસે દોડવું પડે છે. ત્યારે ઝુંડાલ સર્કલે બ્રેઝા કારમાં આવેલો ઈસમ દારુના ચીક્કાર નશામાં તોફાન મચાવતા કોઈએ પોલીસ કંટ્રોલમાં જાણ કરતા અડાલજ પોલીસ દોડતી થઈ ગઈ હતી અને દારુડીયાને ઝડપી લીધો હતો. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઝુંડાલ સર્કલે એક ઈસમ દારુ પીને છાકટો બની તોફાન કરતો હોવાનો મેસેજ અડાલજ પોલીસ સ્ટેશનને મળતા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને બ્રેઝા કાર નં. જી જે-૧૮ બીજી-૭૩૧૭માં ડ્રાઈવીંગ સીટ પર બેઠેલો દિપ ઉર્ફે ગોગો મુકેશભાઈ પટેલ (રહે.ઘનશ્યામનગર સોસાયટી ઝુંડાલ) ને ઝડપી લીધો હતો. પોલીસની નોંધ પ્રમાણે તેમના મોંઢામાંથી દારૂની તીવ્ર વાસ આવતી હતી તથા તોતડાતી જીભે માંડ બોલી શકતો હતો. કારમાંથી નીચે ઉતારીને હલાવી ચલાવી પુછપરછ કરતા પોતાની સ્થિતિનું ભાન પણ રાખી શકતો નહતો. દારુ પીને વાહન ચલાવવા સબબ એમવી એકટની કલમ નં ૧૮૫ હેઠળ દિપ પટેલ સામે ગુનોં નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




એસ.ટી. ચેકીંગ - એસ.ટી. નિગમની ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં દોડતી બસોમાં આજે અધિકારીઓ દ્વારા ચેકીંગ હાથ ધરાયું હતું.... આ ચેકિંગ દરમિયાન એસ.ટી. બસોમાં મુસાફરી કરતા દરેક મુસાફરોની ટિકિટ તેમજ ડ્રાયવર - કંડકટરોની કામગીરીની પણ નોંધ લેવામાં આવી હતી.

# રંગમંચનો ભાડા વધારો રદ કરવા કોંગ્રેસ સામાન્ય સભામાં દરખાસ્ત કરશે

## ભાડા વધારો રંગમંચના નિર્માણ અને હેતુઓને મારી રહ્યો છે : બિહોલા : દબાણ નીતિ, પ્રોપર્ટી ટેક્ષ તેમજ હોકર્સ લાઈસન્સ સહિતના મુદ્દાઓ સામાન્ય સભામાં રજુ કરી કોંગ્રેસ સત્તાપક્ષને ભીડવશે

ગાંધીનગર, તા.૩૦

રંગમંચના ભાડામાં કરાયેલા ૧૦૦ ટકાના વધારાને રદ કરવા માટે કોંગ્રેસ પક્ષે આગામી સામાન્ય સભામાં એક દરખાસ્ત રજુ કરી છે.

વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ રજુ કરેલી આ દરખાસ્તમાં જણાવ્યું છે કે રંગમંચોના નિર્માણનો હેતુ આ ભાડા વધારાથી મરી જાય છે. શહેરની સામાન્ય જનતાના મનોરંજન માટેનો હક્ક છીનવવાનો મનપાને અધિકાર નથી.

આ રંગમંચોના નિર્માણ પાછળના તેના હેતુઓને કેન્દ્રમાં રાખવા સાથે ભાડા વધારો રદ કરવા માંગ કરી છે. આ દરખાસ્તને યુવા કાઉન્સીલર અંકિત બારોટે સમર્થન આપ્યું છે.

આ ઉપરાંત વિપક્ષો દબાણ નીતિમાં ભેદભાવનો આરોપ લગાવી ચોકકસ દબાણનીતિ બનાવવા માંગ કરી છે. આ ઉપરાંત હોકર્સ લાયસન્સ અંગે અત્યાર સુધી તંત્ર એ કેમ મૌન સેવ્યુ છે નવી આવકોના સ્ત્રોત વિશે કેમ વિચાર્યુ નથી તે મુદ્દે પણ અવાજ ઉઠાવવાનો નિર્ણય કર્યો છે.

કોંગ્રેસે આ બેઠકમાં પ્રોપર્ટી ટેક્ષની વસુલાત નીતિ સામે પણ કેટલાક ગંભીર મુદ્દાઓ ઉપસ્થિત કરવા માટેનું મન બનાવી લીધું હોવાનું પક્ષના સૂત્રોએ જણાવ્યું છે.

આ ઉપરાંત સે-૧ના તળાવ તેમજ સરિતા ઉદ્યાનની કુલ ૭ દુકાનોની ઓફ લાઈન ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શિતા માટે તટસ્થ કમિટીની રચના કરવાની માંગ પણ આ બેઠકમાં કરવામાં આવશે.

વિપક્ષે સામાન્ય સભા માટેના આયુધો સજાવી લીધા હોવાનું જાણવા મળેલ છે. આ બેઠકને લઈ રાજકીય ઉત્તેજનાઓ પ્રસરી જવા પામી છે.

# કોંગ્રેસ દ્વારા પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલને મિડિયા સંકલનની જવાબદારી

અમદાવાદ, તા. ૩૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા રાજયમાં મિડિયા સંકલનની જવાબદારી પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલને સોંપવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં પ્રવક્તા તરીકે છેલ્લા ૩ વર્ષથી અસરકારક ભૂમિકા અદા કરી રહેલાં ડૉ. હિમાંશુ પટેલને મિડીયા સંકલનની કામગીરી સોંપવામાં આવી છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા દ્વારા સોંપાયેલી આ જવાબદારીમાં ડૉ. હિમાંશુ પટેલ મિડિયા સંકલનની કામગીરીમાં વિવિધ ચેનલ્સ વગેરેમાં પ્રવક્તાઓને જુદાં જુદાં મુદ્દાઓ અંગે ડીબેટ વગેરેમાં ગોઠવશે. આ ઉપરાંત રાજયમાં બનતી મહત્વપૂર્ણ ઘટનાઓ અંગે બ્રિફીંગ—નોંધ તૈયાર કરી એઆઈસીસી સાથે સંકલનની કામગીરી પણ તેમના દ્વારા કરવામાં આવશે. ૨૫ વર્ષની રાજકીય કારકિર્દી ધરાવતાં એડવોકેટ અને સહકારી આગેવાન ડૉ. હિમાંશુ પટેલ ખેડૂત પૂત્ર હોવા સાથે ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ, સિન્ડીકેટ મેમ્બર તરીકે નોંધપાત્ર યોગદાન આપી રહ્યાં છે.

## જિલ્લામાં ૧ લાખથી વધુ મોરનો ટહુકાર

# જિલ્લામાં હરિયાળી વધુ નિખારવા મુખ્ય વન સંરક્ષકની અપીલ

## મહાનગરપાલિકાના પ્રથમ વન મહોત્સવની ઉજવણી અન્વયે સે-૨૮ જી આઇ ડી સી માં રોપાઓની વાવણી અને વિતરણ

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકા અને વન વિભાગના સંયુકત ઉપક્રમે પ્રથમવાર મહાનગરપાલિકા વિસ્તારમાં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સે-૨૮ જી આ ઈ ડી સી ખાતે સાંજે ૪ :૩૦ કલાકે આ વિસ્તારમાં ૫૮ જેટલા રોપાઓની વાવણી તેમજ વિતરણ પણ કરવામાં આવ્યુ હતુ. આ તબકકે આઈ એફ એસ જી રમણમુર્તિએ જણાંવ્યુ હતુ કે જિલ્લામાં ૧ લાખથી વધુ રાષ્ટ્રીય પક્ષી મોર જોવા મળે છે. વૃક્ષો અને વન્યજીવોનો અનોખો સમન્વય ધરાવતા આ શહેરમાં વધુ હરિયાળી નિખારવા પણ તેમણે અપીલ કરી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રથમ વન મહોત્સવની ઉજવણી દરમિયાન સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં રોપાઓની વાવણી કરવામાં આવી હતી. આ તબક્કે મેયર પ્રવિણ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ તેમજ મુખ્યવન સંરક્ષક જી રમણમુર્તિએ હાજરી આપી હતી. આ દરમિયાન ૫૮ જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. જયારે રોપાઓનુ વિતરણ પણ કરવામાં આવ્યુ હતુ. આ તબક્કે મુખ્યવન સંરક્ષક જી રમણમુર્તિએ જણાંવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં ૧ લાખથી વધુ મોર જોવા મળે છે. જયારે વૃક્ષો અને વન્યજીવોનો અનોખો સમન્વય શહેરમાં જોવા મળી રહયો છે. આ મેટ્રોપોલીટન વિસ્તારને વધુ હરિયાળો બનાવવા નવતર આયોજન હાથ ધરાય તે માટે પણ તેમણે અપીલ કરી હતી. તમામ ખાલી જગ્યાઓ પર વૃક્ષારોપણની જવાબદારી ઉપાડી લેવા માટે પણ તેમણે જણાંવ્યુ હતુ. આ વન મહોત્સવની ઉજવણી દરમિયાન એસ એલ અમરા, નાયબ વનસંરક્ષક એ જે અમીન, કે સી ત્રિવેદી સહીત અન્ય સ્થાનિક આગેવાનો પણ હાજર રહયા હતા.

# આર ટી ઓને જિલ્લાના ૩૫ ડીલરોએ હવે ઓનલાઈન દસ્તાવેજો સુપ્રત કરવા પડશે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા હવે નવા વાહનોની ખરીદીના અંતે ડિલર કક્ષાએથી હાથ ધરાતી

**આવતીકાલથી વાહનોની નોંધણી સહીતની પ્રક્રીયા ઓનલાઇન થશે ફી ની રકમ ઇ ચલણથી સ્વીકારાશે**

રજીસ્ટ્રેશન અને પાસિંગ સહીતની કામગીરી ઓનલાઈન કરી દેવામાં આવશે. આવતીકાલથી ડિલરોએ વાહનોની નોંધણી સહીતનુ કામ કરવા માટે ઓનલાઈન દસ્તાવેજો સુપ્રત કરવાના રહેશે જયારે મંજુરીની પ્રકીયા પણ ઓનલાઈન રહેશે. જયારે આ અન્વયે ફી પણ ઈ ચલણથી ભરવી પડશે.

ગાંધીનગર આર ટી ઓ કચેરી આમ તો અનેક પ્રકારની સમસ્યાઓથી ઘેરાયેલી છે. આમછતા પેપરલેસ વહીવટની વાતો વચ્ચે સર્જાતી ટેકનિકલ ક્ષતિઓના લીધે અરજદારોએ અનેકવાર ધક્કે ચઢવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરીમાં પાર્કીંગની સમસ્યા પણ શિરદર્દ સમાન બની છે. જયારે વાહનો મુકવા માટે પણ જગ્યા રહેતી નથી. જેના લીધે સ્થાનિકો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. જયારે આવા સંજોગોમાં કચેરીના સંકુલમાં વાહનોની અવરજવર ઓછી થાય તે માટે નવતર આયોજન પણ વિચારણા હેઠળ છે. ત્યારે આગામી તા ૧ ઓગષ્ટથી વાહનોનુ રજીસ્ટ્રેશન પણ ઓનલાઈન કરવા માટે ડિલર કક્ષાએથી વાહનો ઓનલાઈન રજુ કરવાના રહેશે. જયારે મંજુરી પણ ઓનલાઈન મેળવી ઈ ચલણથી ફી ચુકવવાની રહેશે. આર ટી ઓ કચેરીની કામગીરી પેપરલેસ બનશે. ગાંધીનગર જિલ્લામાં ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલરના ૩૫ જેટલા ડિલરો છે. જયારે આ ડિલરોએ હવે વાહનોના રજીસ્ટ્રેશન માટે ઓનલાઈન પ્રક્રીયા હાથ ધરવાની રહેશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

# RTE હેઠળ સંબંધિત તમામ બાળકને પ્રવેશ આપવા આદેશ

## પ્રવેશ અંગેની અરજી પર હાઇકોર્ટનો ચુકાદો

અમદાવાદ, તા.૩૦

રાજયમાં સમાજના ગરીબ અને નબળા વર્ગના બાળકોને રાઈટ ટુ એજયુકેશન(આરટીઇ) એકટ હેઠળ વિનામૂલ્યે પ્રવેશ અંગેની જાહેરહિતની રિટ અરજીમાં ગુજરાત હાઈકોર્ટે પોતાનો મહત્વનો ચુકાદો જાહેર કર્યો હતો. જેમાં જસ્ટિસ એમ.આર.શાહ અને જસ્ટિસ એ.વાય.કોગજેની ખંડપીઠે આરટીઈ એકટ હેઠળ કરાયેલી અરજીઓ અન્વયે સંબંધિત તમામ બાળકોને પ્રવેશ આપવા રાજય સરકારને આદેશ કર્યો છે. જે બાળકોના પ્રવેશ અંગે અરજી કરાયેલી હશે તે તમામને પ્રવેશ આપવા હાઈકોર્ટે સરકારને સ્પષ્ટ તાકીદ કરી છે. સામાજિક કાર્યકર ચંદ્રવદન ધ્રુવ દ્વારા કરાયેલી અરજીમાં હાઈકોર્ટે આ ચુકાદો જાહેર કરતાં જણાવ્યું હતું કે, ટેકનીકલ કારણોસર જે અરજીઓને રદબાતલ કરાઈ હતી, તેઓને પણ ફરીથી તક આપવામાં આવે અને પ્રથમ રાઉન્ડ બાદ બાકી રહી ગયેલા તમામ બાળકોને આરટીઈ હેઠળ શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે. દરમ્યાન હાઈકોર્ટે પોતાના ચુકાદામાં લઘુમતી શાળાઓ અને તેના સ્ટેટસને લઈને મહત્વપૂર્ણ અવલોકન કરતાં જણાવ્યું હતું કે, લઘુમતી સમાજના લોકો દ્વારા ચલાવાતા લઘુમતી શૈક્ષણિક ટ્રસ્ટનું સ્ટેટસ આપોઆપ ના મળી જાય. જે શાળાઓ, સંસ્થાઓ, ટ્રસ્ટો લઘુમતી તરીકેની જરૂરી માન્યતા ધરાવે છે તેઓને સુપ્રીમકોર્ટના ચુકાદા મુજબ આરટીઈના દાયરામાંથી બાકાત રખાય છે પરંતુ જેમની પાસે આવી કોઈ માન્યતા નથી તેઓએ આરટીઈ હેઠળ ૨૫ ટકા લેખે બાળકોને ધોરણ-૧માં વિનામૂલ્યે પ્રવેશ આપવાનો રહેશે. હાઈકોર્ટના આ હુકમથી લઘુમતી શાળાઓ અને ટ્રસ્ટોને ઝટકો લાગ્યો હતો. જેને પગલે તેઓએ આ હુકમ સામે સુપ્રીમકોર્ટમાં જવું હોઈ બે અઠવાડિયાનો સ્ટે માંગ્યો હતો અને અગાઉ આપેલી વચગાલાની રાહત ચાલુ રાખવા વિનંતી કરી હતી.

હાઈકોર્ટે આ રજૂઆત ગ્રાહ્ય રાખી તા.૧૪ ઓગસ્ટ સુધીમાં તેઓને સુપ્રીમકોર્ટમાં જવાની મંજૂરી આપી હતી. દરમ્યાન અરજદાર ચંદ્રવદન ધ્રુવે જણાવ્યું હતું કે, જે શાળાઓ લઘુમતી તરીકેની માન્યતા ધરાવતી નથી તેમછતાં તેઓએ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રિટ અરજી દાખલ કરતાં કાનૂની પ્રક્રિયાના કારણે રાજયના ૪૫ હજારથી વધુ બાળકોના ધોરણ-૧ના પ્રવેશમાં વિલંબ થયો છે.

# ગાંધીનગરમાં પોલીસ આવાસ નિગમ મુખ્ય કચેરીનું લોકાર્પણ

## ૮.૭૦ કરોડના ખર્ચે ૨૯૩૮ ચો.મીટરમાં નિર્માણ પામ્યુ છે - પોલીસ આવાસ નિગમ ભવન : ગુજરાત પોલીસ આવાસ નિગમે ૩૬૮૫૬ રહેણાંક મકાનો ૨૧૨૨ કરોડના ખર્ચે તૈયાર કર્યા : ૨૯૪૮ બિન રહેણાંક મકાનો ૧૪૦૬ કરોડના ખર્ચે બનાવ્યા

ગાંધીનગર, તા. ૩૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયમાં પોલીસ સેવાઓને આધુનિક ઓપ આપતાં સુવિધાસભર-ગુણવત્તાયુકત ભવનો, કચેરીઓ તેમજ કર્મયોગી આવાસો નિર્માણની નેમ વ્યકત કરી છે.

આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, કઠીન પરિસ્થિતીમાં કાર્ય કરતા પોલીસકર્મીઓને કામકાજના સ્થળે અને વિરામ દરમ્યાન પોતાના નિવાસે ફ્રેશનેસ-સ્ટ્રેસ ફ્રી વાતાવરણ અનુભવાય તેવી મોકળાશ વાળી કચેરીઓ-આવાસો પોલીસ આવાસ નિગમ નિર્માણ કરે છે તે અભિનંદનીય છે.

મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં સેકટર-૧૦-બી માં ૨૯૩૮ ચોરસ મીટર વિસ્તારમાં પથરાયેલા રૂ. ૮.૭૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલી ગુજરાત પોલીસ આવાસ નિગમ લી.ની વડી કચેરીનું ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાની ઉપસ્થિતીમાં ઉદ્દઘાટન કર્યુ હતું.

વિજયભાઈ રૂપાણીએ ઘણા લાંબા સમય બાદ નિગમને પોતાનું આગવું ભવન મળવા અંગે આનંદ વ્યકત કરતાં કહ્યું કે, પોલીસ આવાસ નિગમ રાજયમાં ગુણવત્તાયુકત, ઝડપી અને ટાઈમ બાઉન્ડ આવાસ-કચેરીઓના બાંધકામમાં અગ્રેસર રહે તેવી અપેક્ષા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુડ ગર્વનન્સથી શ્રેષ્ઠ કાર્યસ્થળોના નિર્માણની જે દિશા આપી છે તેને આપણે વર્કકલ્ચરમાં બદલાવ અને કોર્પોરેટ ટાઈપ ભવનો-સુવિધાઓથી જાળવી રાખવાની છે.

તેમણે આવાસ નિગમ દ્વારા હવે નિર્માણ થનારા આવાસો, ભવનો-કચેરીઓ ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટ, સોલાર પેનલ્સ અને વોટર મેનેજમેન્ટના કન્સેપ્ટ સાથે બનાવવાનું પ્રેરક સૂચન પણ આ વેળાએ કર્યું હતું.




**આત્મા ડાયરેક્ટરેટ એન્ડ સમેતિ**

ATMA GUJARAT

પી-૭, 'એમ' ફ્લોર, કૃષિભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન નં. ૨૩૨૪૫૨૮૭, ૨૩૨૪૫૦૪૩

**રાત્રિ રોકાણ (હોટલ)નો વાર્ષિક ઈજારો**

નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન આ કચેરીના તાલીમ વર્ગોમાં ભાગ લેનાર તાલીમાર્થીઓ માટે રાત્રી રોકાણની વ્યવસ્થા પુરી પાડવા માટે હોટલનો ઓછામાં ઓછો બે કે તેથી વધુ વર્ષનો અનુભવ ધરાવતી પાર્ટીએ જેનું વાર્ષિક ટર્નઓવર ઓછામાં ઓછું રૂ. ૧.૫૦ લાખ હોય તેમણે અત્રેની કચેરીએથી રૂબરૂમાં રૂ. ૫૦૦/- ટેન્ડર ફોર્મ ફી ભરી ટેન્ડર ફોર્મ તા. ૨૦/૮/૨૦૧૮ સુધીમાં મેળવી તા. ૨૩/૮/૨૦૧૮ના ૧૭.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

માહિતી/૧૧૩૩/૧૮-૧૯ નિયામક, સમેતિ, ગાંધીનગર